પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૦૨ | ૧૩ જાન્યુઆરી, ૨૦૨૨, ગુરૂવાર; પોષ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

દેશમાં કોરોનાના દૈનિક કેસ બે લાખને પાર

મહારાષ્ટ્ર, દિલ્હી અને પશ્ચિમ બંગાળમાં કોરોનાના દૈનિક કેસ વધતા ચિંતા : છેલ્લા ૨૪ કલાકમાં ૬૦,૪૦૫ સંક્રમિતો સાજા થયા : દેશમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૯,૫૫,૩૧૯ પર પહોંચી છે, દૈનિક પોઝિટિવિટી રેટ ૧૧.૦૫ ટકા છે ઓમિક્રોનના કુલ કેસ ૪૮૬૮ થયા છે

નવી દિલ્હી,તા.૧૨

દેશમાં કોરોનાના દૈનિક કેસ ૨ લાખને પાર પહોંચતા ચિંતાનું મોજુ પ્રસર્યું હતું. મોડીસાંજે સ્વાસ્થ્ય મંત્રાલયના સૂત્રો મુજબ મહારાષ્ટ્ર, દિલ્હી અને પશ્ચિમ બંગાળમાં તથા ગુજરાત અને ઉત્તરપ્રદેશમાં પણ વધતા કેસના પગલે દૈનિક કેસ ૨ લાખને પાર પહોંચ્યા હતા.

ભારતમાં જાન્યુઆરીની શરૂઆતથી કોરોનાના કેસ તીવ્ર ગતિએ વધી રહ્યા. દેશમાં કોરોનાના નવા કેસ સૌથી વધુ મહારાષ્ટ્રમાં સામે આવી રહ્યા છે. ગઈકાલ કરતાં આજે કોરોના કેસમાં ૧૫.૮ ટકાનો વધારો થયો છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૧,૯૪,૭૨૦ નવા કેસ નોંધાયા છે અને ૪૪૨ સંક્રમિતોએ જીવ ગુમાવ્યો છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૬૦,૪૦૫ સંક્રમિતો સાજા થયા છે. દેશમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૯,૫૫,૩૧૯ પર પહોંચી છે. દૈનિક પોઝિટિવિટી રેટ ૧૧.૦૫ ટકા છે ઓમિક્રોનના કુલ કેસ ૪૮૬૮ થયા છે.

દેશમાં અત્યાર સુધીમાં ૬૯,૪૯,૧૭,૧૮૦ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા છે. જેમાંથી ૧૧ જાન્યુઆરીએ ૧૭,૬૧,૯૦૦ ટેસ્ટ કરવામાં આવ્યા હોવાનું સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

ઓક્સિજનની પૂરતી વ્યવસ્થા કરવા કેન્દ્ર દ્વારા રાજ્યોને સૂચના

કેન્દ્રીય સ્વસ્થ્ય સચિવ રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશોના મુખ્યમંત્રીઓને પત્ર લખીને તાત્કાલિક ઓક્સિજનની વ્યવસ્થા કરવા માટેનું સૂચન કર્યું

નવી દિલ્હી, તા.૧૨

કોરોના વાયરસના નવા કેસમાં એક દિવસ ઘટાડો નોંધાયા બાદ ફરી એકવાર નવા સંક્રમણમાંભડકો થયો છે. ડિસેમ્બર મહિનાના અંતથી કોરોનાના કેસમાં થઈ રહેલો વધારો ફરીએકવાર ડરાવી રહ્યો છે. ત્રીજી લહેર જાન્યુઆરી મહિનાના અંતમાં પીક પરપહોંચશે તેવી આછી પાતળી સંભાવના પણ સૂત્ર મૉડલના આધારે વ્યક્ત કરાઈ રહી છે.આવામાં બીજી લહેરે જે રીતે લોકોને હંફાવ્યા હતા તેવી સ્થિતિનું નિર્માણફરી ના થાય તે માટે હોસ્પિટલોને સતર્ક રહેવા માટે કેન્દ્ર સરકાર દ્વારારાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને સૂચના આપી છે. હોસ્પિટલો અને કોવિડસેન્ટરો પર ઓક્સિજનની પૂરતી વ્યવસ્થા કરવા અંગે સૂચના આપવામાં આવી છે.

કોરોનાના વધતા કેસને જોતા રાજ્યો દ્વારા જરુરી પગલા ભરવામાં આવી રહ્યા છે ત્યારેકેન્દ્રીય સ્વસ્થ્ય સચિવ રાજેશ ભૂષણે દરેક રાજ્યો તથા કેન્દ્ર શાસિતપ્રદેશોના મુખ્યમંત્રીઓને પત્ર લખીને તાત્કાલિક ઓક્સિજનની શ્રેષ્ઠ વ્યવસ્થાહોસ્પિટલોમાં મળી રહે તેવી વ્યવસ્થા કરવા માટે સૂચન કર્યું છે. મહત્વનુંછે કે બીજી લહેરમાં કોરોનાના કેસોમાં દર્દીઓને મોટા પ્રમાણમાં ઓક્સિજનનીજરુર પડી હતી આ પછી સ્પેશિયલ ટ્રેનો ચલાવીને અલગ-અલગ રાજ્યોમાં ઓક્સિજનપહોંચાડાયા હતા અને તે પછી સ્થિતિ સામાન્ય થતા ઓક્સિજન પ્લાન પણ ઉભાકરવામાં આવ્યા છે.

ત્રીજી લહેરનું કારણ ઓમિક્રોન મનાઈ રહ્યું છે, પરંતુ ઓમિક્રોન ડેલ્ટા અને ડેલ્ટા પ્લસ કરતા હળવો હોવાનું ઘણાં રિસર્ચમાંતથા સંક્રમિત દર્દીઓની સેવા કરતા ડોક્ટરો દ્વારા જણાવાયું છે.

● અનુસંધાન પાન-૭ પર

ઓમિક્રોનની ટેસ્ટ કિટ બજારમાં ઉપલબ્ધ

કીટને ટાટા મેડિકલ દ્વારા તૈયાર કરવામાં આવી છે

નવી દિલ્હી, તા.૧૨

દેશમાંકોરોનાના નવા વેરિએન્ટ ઓમિક્રોનથી સંક્રમિત થનારા દર્દીઓની સંખ્યામાં સતતવધારો થઈ રહ્યો છે. દેશમાં અત્યાર સુધીમાં આશરે ૫ હજાર જેટલા કેસ સામે આવીચુક્યા છે. પરંતુ આ બધા વચ્ચે રાહતના એક સમાચાર એ મળ્યા છે કે, હવે જો તમે આનવા વેરિએન્ટથી સંક્રમિત થયા હશો તો તરત જ તેની તપાસ કરી શકશો. હકીકતે ૧૨મી જાન્યુઆરીથી ઓમિક્રોનની ટેસ્ટ કીટ ઓમિસ્યોર (ઓમિસ્યોર) માર્કેટ અને દુકાનોમાં ઉપલબ્ધ થઈ જશે. ઓમિક્રોનટેસ્ટ કીટ ઓમિસ્યોરને ટાટા મેડિકલ દ્વારા તૈયાર કરવામાં આવી છે. ઉલ્લેખનીયછે કે, આઈસીએમઆર તરફથી ટાટા મેડિકલ એન્ડ ડાયગ્નોસ્ટિક્સ લિમિટેડની ઓમિક્રોનટેસ્ટ કીટ ઓમિસ્યોરને ગત ૩૦

● અનુસંધાન પાન-૭ પર

સપાના ધારાસભ્ય હરિઓમ યાદવ ભાજપમાં જોડાયા

યાદવ સમાજવાદી પાર્ટીમાંથી હાલમાં સસ્પેન્ડ થયેલા છે

નવી દિલ્હી, તા.૧૨

યુપીની ચૂંટણી પહેલા યોગી સરકારના દિગ્ગજ મંત્રી સ્વામી પ્રસાદ મૌર્યે ભાજપ સાથે છેડો ફાડયો છે.તેઓ હવે સમાજવાદી પાર્ટીમાં જોડાશે તેવી અટકળો છે.

બીજી તરફ ભાજપે પણ કાઉન્ટર એટેક કરીને સમાજવાદી પાર્ટીના સ્થાપક મુલાયમસિંહ યાદવના વેવાઈ હરિઓમ યાદવને પોતાની પાર્ટીમાં સામેલ કરી લીધા છે. હરિઓમ યાદવ પણ સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય છે.તેઓ સમાજવાદી પાર્ટીમાંથી હાલમાં સસ્પેન્ડ થયેલા છે.તેમને ગયા વર્ષે ફેબ્રુઆરી મહિનામાં છ વર્ષ માટે સસ્પેન્ડ કરાયા હતા.તેમના પર પાર્ટી વિરોધી પ્રવૃત્તિ કરવાનો આરોપ મુકાયો હતો અને અખિલેશ યાદવે તેમને સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો હતો. તેઓ મુલાયમસિંહ યાદવના વેવાઈ પણ થાય છે.હરિઓમ યાદવના ભાઈની પુત્રીના લગ્ન મુલાયમ સિંહ યાદના ભાઈના પુત્ર સાથે થયા છે.

ભારત પાસે બે અસીમ શક્તિ, એક ડેમોગ્રાફી-બીજી ડેમોક્રસી : મોદી

૨૫મા યુવા મહોત્સવનું ઉદ્ઘાટન કરતા વડાપ્રધાન : સમગ્ર વિશ્વની યુનિકોર્ન ઈકોસિસ્ટમમાં ભારતીય યુવાનોનો જલવો હોવાનો વડાપ્રધાન મોદીનો દાવો

નવી દિલ્હી, તા.૧૨

વડાપ્રધાનમોદીએ બુધવારે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી પુડુચેરી ખાતે ૨૫મા યુવામહોત્સવનું ઉદ્ઘાટન કર્યું હતું. યુવા મહોત્સવનો શુભારંભ કરીને વડાપ્રધાનેકહ્યું હતું કે, 'ભારત પાસે ૨ અસીમ શક્તિઓ છે. એક ડેમોગ્રાફી અને બીજુંડેમોક્રસી. જે દેશ પાસે જેટલી યુવા શક્તિ હોય, તેની ક્ષમતાઓને એટલી જવ્યાપક માનવામાં આવે છે. ભારત પાસે આ બંને શક્તિઓ છે.'

વડાપ્રધાનેકહ્યું કે, આજે ભારતના યુવાનોમાં જો ટેકનોલોજીનો ચાર્મ છે તો લોકશાહીનીચેતના પણ છે. આજે ભારતના યુવાનોમાં જો શ્રમનું

સામર્થ્ય છે તો ભવિષ્યનીસ્પષ્ટતા પણ છે. આ કારણે જ ભારત આજે જે કહે છે તેને દુનિયા આવનારા કાલનોઅવાજ માને છે. ભારત પોતાના યુવાનોને વિકાસની સાથે લોકશાહીના મૂલ્યોની તાકાતમાને છે. આજે ભારત અને દુનિયાના ભવિષ્યનું નિર્માણ થઈ રહ્યું છે. ૨૦૨૨ ભારત માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. તે નેતાજી સુભાષ ચંદ્ર બોઝની ૧૨૫મી જયંતીપણ છે. વડાપ્રધાનેકહ્યું કે, આજે ભારતનો યુવાન વૈશ્વિક સમૃદ્ધિના કોડ લખી રહ્યો છે. સમગ્રવિશ્વની યુનિકોર્ન ઈકોસિસ્ટમમાં ભારતીય યુવાનોનો જલવો છે. ભારત પાસે આજે ૫૦ હજાર કરતાં વધારે સ્ટાર્ટઅપ્સની મજબૂત ઈકોસિસ્ટમ છે. તેમણે કહ્યું કે, 'ભારતના યુવાનો પાસે ડેમોગ્રાફિક ડિવિડન્ડની સાથે સાથે લોકશાહીનું મૂલ્ય પણછે, તેમનું ડેમોક્રેટિક ડિવિડન્ડ પણ અતુલનીય છે. ભારત પોતાના યુવાનોનેડેમોગ્રાફિક ડિવિડન્ડની સાથે સાથે ડેવલપમેન્ટના ડ્રાઈવર પણ માને છે.'

ઉત્તરાખંડના શ્રમિક મતદારો હેલિકોપ્ટરથી મતદાન કરવા જશે

ભારત-ચીન સરહદને જોડનારા માર્ગનું નિર્માણ કાર્ય જારી : મુનસ્યારીથી આશરે ૫૪ કિમી દૂર લાસ્પામાં ૬ ફૂટ કરતાં વધારે હિમવર્ષા થતા શ્રમિકો માટે ખાસ વ્યવસ્થા કરાશે

નવી દિલ્હી, તા.૧૨

ભારત-ચીનસરહદે બની રહેલા સડક નિર્માણના કામમાં કાર્યરત મજૂરો હેલિકોપ્ટર દ્વારા મત આપવા માટે જશે. ભારે બરફવર્ષાના કારણે બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (બીઆરઓ)દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. સરહદે આવેલા પિથોરાગઢ જિલ્લાનામુનસ્યારીમાં ૩,૪૦૦ મીટરની ઉંચાઈ પર મિલમ-લાસ્પા ખાતે મોટી સંખ્યામાંશ્રમિકો ભારત-ચીન સરહદને જોડનારા માર્ગનું નિર્માણ કાર્ય કરી રહ્યા છે. મુનસ્યારીથી આશરે ૫૪ કિમી દૂર લાસ્પામાં ૬ ફૂટ કરતાં વધારે હિમવર્ષા થઈછે.

મતદાનની તારીખ સુધીમાં પણ બરફથી ઢંકાયેલા પૈદલ માર્ગો ખુલવાના કોઈ જ અણસાર નથી. આ કારણે સ્થાનિક મજૂરોને મતદાન માટે હેલિકોપ્ટરની મદદથી નીચાણવાળા વિસ્તારોમાં લાવવામાં આવશે. અત્યાર સુધીમાં આવા ૧૦૦ જેટલા લોકોચિન્હિત કરી દેવામાં આવ્યા છે.

દિલ્હીના ૧૭૦૦ પોલીસો કોરોનાની ઝપેટમાં આવ્યા

હેડક્વાર્ટરમાં એક અલગ ડેસ્ક બનાવાઈ, તેના પર પોલીસ કર્મીઓના કોરોનાના આંકડા અપડેટ કરાય છે

નવી દિલ્હી, તા.૧૨

દેશની રાજધાની દિલ્હીની પોલીસ કોરોના સામે ઝઝૂમી રહી છે. કોરોનાની નવી લહેરમાં મોટી સંખ્યામાં દિલ્હી પોલીસના કર્મીઓ સંક્રમિત થયા છે. દિલ્હી પોલીસના સૂત્રોના કહેવા પ્રમાણે ૧૭૦૦ જેટલા પોલીસ કર્મીઓને કોરોના થયો છે અને હવે દિલ્હી પોલીસના ટોચના અધિકારીઓ પણ ઓનલાઈન બેઠકો પર જ ભાર મુકી રહ્યા છે. દિલ્હી પોલીસ હેડક્વાર્ટરમાં એક અલગ ડેસ્ક બનાવાઈ છે અને તેના પર પોલીસ કર્મીઓના કોરોનાના આંકડા અપડેટ કરવામાં આવી રહ્યા છે.

દિલ્હીમાં પોલીસ અધિકારીઓને અને સરકારને ચિંતા એ વાતની છે કે, જો કોરોનાનુ સંક્રમણ આ જ રીતે ચાલુ રહેશે તો પોલીસ જવાનોની અછતની સમસ્યા ઉભી થઈ શકે છે. દિલ્હીમાં કોરોનાના ૨૦૦૦૦ કરતા વધારે કેસ રોજ સામે આવી રહ્યા છે અને રાજધાનીમાં પોઝિટિવિટી રેટ પણ વધીને ૨૫ ટકા થઈ ગયો છે.

સૂચના પ્રસારણ મંત્રાલયનું ટ્વીટર એકાઉન્ટ હેક

નવી દિલ્હી, તા.૧૨

સૂચનાઅને પ્રસારણ મંત્રાલયના ટ્વિટર એકાઉન્ટને બુધવારે એટલે કે, ૧૨મીજાન્યુઆરીની સવારે હેક કરી લેવામાં આવ્યું હતું. હેકર્સે ટ્વિટર એકાઉન્ટનુંનામ એલન મસ્ક કરીને પ્રોફાઈલ ફોટો પર માછલીની તસવીર લગાવીદીધી હતી. આ સાથે જ છેલ્લાં થોડાંક સમયમાં ઘણી બધી ટ્વિટ પણ કરવામાં આવીહતી. જોકે થોડાં સમય બાદ તે એકાઉન્ટને રિસ્ટોર કરી દેવામાં આવ્યું હતું અનેતે ટ્વિટ્સ પણ દૂર કરી દેવામાં આવી હતી. આએ જ હેકર્સનું કારસ્તાન જણાઈ રહ્યું છે જેમણે થોડાં દિવસો પહેલા વડાપ્રધાનમોદીનું ટ્વિટર એકાઉન્ટ પણ હેક કર્યું હતું. કારણ કે, આના પર પણ બિલકુલએવું જ કન્ટેન્ટ જોવા મળ્યું હતું જે એ સમયે જોવા મળ્યું હતું. અગાઉ આઈસીડબલ્યુએ, આઈએમએવગેરેનું ટ્વિટર એકાઉન્ટ પણ હેક થયું હતું.

સૂત્રો દ્વારા મળતાઅહેવાલ પ્રમાણે પાસવર્ડ સાથે સમજૂતી થઈ છે અથવા તો હેકિંગ સાથે સંકળાયેલીકોઈ લિંક પર ક્લિક થઈ છે. આવું તે એકાઉન્ટને હેન્ડલ કરનારી કોઈ વ્યક્તિ દ્વારા કરવામાં આવ્યું હોય તેમ બની શકે.

લતા મંગેશકરને ન્યૂમોનિયા થતા ૧૦ દિવસ આઈસીયુમાં રખાશે

મુંબઈ, તા.૧૨

સૂર સામ્રાજ્ઞી અને લિજેન્ડરી ગાયિકા લતા મંગેશકરને કોરોના થયા બાદ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

દરમિયાન તેમની સારવાર કરનારા ડોકટરોએ કહ્યુ છે કે, હાલમાં લતાજી આઈસીયુમાં છે અને બીજા દસ થી બાર દિવસ તેમને આઈસીયુમાં ડોકટરોની નજર હેઠળ રાખવામાં આવશે. તેમનો કોવિડની સાથે ન્યૂમોનિયા પણ થયો છે.

શ્રીલંકામાં ૭૦૦ રૂપિયે કિલો લીલા મરચાં

બટાકાનો ભાવ ૨૦૦ રૂપિયે કિલો : શ્રીલંકામાં કિંમતો આકાશને આંબી રહી છે, મહિનામાં ખાવા-પીવાની સામાનની કિંમતમાં ૧૫ ટકાનો ઉછાળો

નવી દિલ્હી,તા.૧૨

ભારતનો પાડોશી દેશ શ્રીલંકા દેવાળું ફૂંકવાના આરે છે. ખાવા-પીવાની વસ્તુઓની કિંમત આકાશને આંબી રહી છે. મોંઘવારીએ લોકોની કમર તોડી નાંખી છે. શ્રીલંકાના છઙ્ઘર્દૃષ્ઠદ્ઢદ્ઢ ંહજૌએ મોંઘવારીને લઈને આંકડા જાહેર કર્યા છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે ખાવાની વસ્તુઓની કિંમત એક મહિનામાં જ ૧૫ ટકા વધી છે. તેમાં વધારાનું સૌથી મોટું કારણ શાકભાજીની કિંમતમાં અત્યંત વધારો બતાવવામાં આવ્યું છે. છઙ્ઘર્દૃષ્ઠદ્ઢદ્ઢ ંહજૌના મ્ઙ્ક્ર ઝેઅિ ંહઙ્ઘૈષ્ઠર્દ્ટિ દેશમાં રિટેઈલ વસ્તુઓની મોંઘવારીને લઈને આંકડા જાહેર કરે છે. મ્ઝૈએ જણાવ્યું કે નવેમ્બર ૨૦૨૧થી ડિસેમ્બર ૨૦૨૧ની વચ્ચે ખાદ્ય વસ્તુઓની મોંઘવારી ૧૫ ટકા વધી છે. તેનું મુખ્ય કારણ શાકભાજીના ભાવમાં વધારો છે. શ્રીલંકામાં ૧૦૦ ગ્રામ મરચાંની કિંમત જ્યાં ૧૮ રૂપિયા હતી. હવે તે વધીને ૭૧ રૂપિયા થઈ ગઈ છે. એટલે એક કિલો મરચાંની કિંમત ૭૧૦ રૂપિયા થઈ ગઈ છે. એક જ મહિનામાં મરચાંની કિંમત ૨૮૭ ટકાનો વધારો થયો છે. આજ રીતે